

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

પરિષદ સંચાલિત માતૃભાષા સંવર્ધન કેન્દ્રની એક બેઠકના અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ એવા ડૉ. રવીન્દ્ર દવેએ એક સરસ વાત કરી. દરેક મનુષ્યમાં બે પ્રકારની વિચારપ્રક્રિયા ચાલતી હોય છે. એક, ઊંચા સ્તરની વિચાર-પ્રક્રિયા (High Order Thinking Process) અને બીજી, નીચેના સ્તરની વિચાર-પ્રક્રિયા (Low Order Thinking Process). જ્યારે વ્યક્તિ માતૃભાષામાં વિચારે છે ત્યારે તેનામાં આ ઊંચા સ્તરની વિચાર-પ્રક્રિયા સુલભ બને છે. અને આ ઊંચા સ્તરની વિચાર-પ્રક્રિયા વધુ સર્જનાત્મક, સંશોધનાત્મક (Innovative) હોય છે. જ્યારે નીચેના સ્તરની વિચાર-પ્રક્રિયા નકલ કરવા (Imitative) પ્રેરે છે. માતૃભાષા (દા. ત. ગુજરાતી)માં વિચાર કરતી વ્યક્તિમાં આ હાઈ ઑર્ડર થિંકિંગ પ્રોસેસ (HOT)ની પ્રક્રિયા હાથવગી હોય છે, જ્યારે પરભાષા (દા.ત. અંગ્રેજી)માં વિચાર કરતી વ્યક્તિમાં લો ઑર્ડર થિંકિંગ પ્રોસેસ (LOT)ની પ્રક્રિયા ચાલતી હોય છે.

આમ, ભાષા વ્યક્તિત્વ-ઘડતરમાં અને સમાજ-ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભાષા પ્રત્યેના વૈજ્ઞાનિક સંશોધનોએ આ વાત હવે અંકે કરી છે, ત્યારે આવનારા સમયમાં આ માતૃભાષા સંવર્ધન કેન્દ્રને વધુ ને વધુ વ્યાપક બનાવવાનો પ્રયત્ન પરિષદ દ્વારા રહેશે. તે માટે સમગ્ર વિશ્વમાંથી ગુજરાતી ભાષા-પ્રેમીઓની સહાયની આપણને અનિવાર્યતા છે. આપ અથવા આપની નજીકની કોઈ વ્યક્તિને આ પ્રવૃત્તિમાં જોડાવું હોય તો પરિષદને જાણ કરવા નમ્ર વિનંતી.

હમણાં પરિષદ દ્વારા બે ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન થયું. એક, 'માતૃભાષા લેખન-કૌશલ અને શિક્ષણ' અને બીજું, 'ભાષાવિમર્શ લેખસંચય.' પ્રથમ પુસ્તક માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા ચાલતા ભાષા-શુદ્ધિના વર્ગોની નીપજ છે. જેમાં સર્વશ્રી યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, રમણ સોની, ત્રિકમભાઈ પટેલ, રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા ઉપરાંત અન્ય વિદ્વાનોના લેખો ઉપલબ્ધ છે. બીજા પુસ્તકમાં, પરિષદ દ્વારા પ્રકાશિત 'ભાષાવિમર્શ' નામના સામયિકના ઉત્તમ લેખોનું ચયન અને સંપાદન યુવા વિવેચક હર્ષવદન ત્રિવેદીએ કર્યું છે. આ પુસ્તકમાં સર્વશ્રી ભારતી મોદી, કશ્યપ મંકોડી, મધુસૂદન બક્ષી, ઊર્મિ દેસાઈ, હરિવલ્લભ ભાયાણી ઉપરાંત અન્ય વિદ્વાનોના લેખોનું સંપાદન કરવામાં આવ્યું છે. બંને પુસ્તકો ખરીદીને વાંચવા અનુરોધ કરવાનું સહજ મન થાય છે.

પરિષદની અનેક સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ લોકો સહભાગી બને, આવી પ્રવૃત્તિઓનો ગુજરાતભરમાં આરંભ થાય, એનું સાતત્ય જળવાય અને એક અનેરું

સાહિત્યિક વાતાવરણ રચાય એ આજની જરૂરિયાત છે. ચાલો, આપણે સૌ આ માટે કટિબદ્ધ થઈએ.

અસ્તુ

– રાજેન્દ્ર પટેલ

## 'ગુજરાતીમાં વિવેચનવિચાર' વિશેનો પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨ના બે દિવસોમાં 'ગુજરાતીમાં વિવેચનવિચાર' વિશે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી ભોળાભાઈ પટેલના અધ્યક્ષપદે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનસ્મૃતિમંદિરમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદ કુલ સાત બેઠકોમાં વિભાજિત કરવામાં આવ્યો હતો જેમાં ઉદ્‌ઘાટન-બેઠકનો પણ સમાવેશ થાય છે.

ઉદ્‌ઘાટનબેઠક ૧૧-૨-૨૦૧૨ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થઈ હતી. પ્રારંભે ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલે સૌનું સ્વાગત કરીને પોતાનો ઉમળકો વ્યક્ત કર્યો હતો. ક. લા. સ્વાધ્યાયમંદિરનાં કાર્યકારી નિયામકશ્રી પારુલ કંદર્પ દેસાઈએ પરિસંવાદની ભૂમિકા બાંધી આપતાં નર્મદ-નવલરામથી આરંભાયેલી ગુજરાતી વિવેચનાની આજ સુધીની ગતિવિધિનો ટૂંકમાં આલેખ આપ્યો હતો. અતિથિવિશેષ શ્રી રઘુવીર ચૌધરીએ ગુજરાતી વિવેચનાના આધારરૂપ વિવેચકોની તેમની લાક્ષણિક અને માર્મિક શૈલીમાં વિશિષ્ટતાઓ ચીંધી આપી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક વક્તવ્યમાં વિવેચન પાસે તેમને કેવી અપેક્ષા છે તેની વાત કરી વિવેચનની સાચી દિશા કેવી હોવી જોઈએ એ તરફ અંગુલિનિર્દેશ કર્યો હતો. અધ્યક્ષીય વક્તવ્યમાં ભોળાભાઈ પટેલે ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યવિચારકોથી ચર્ચા આરંભી ગુજરાતી વિવેચનની લાક્ષણિકતાઓ ચીંધી આપી હતી. અભિનવગુપ્ત વિવેચનને વિવેકસોપાન-પરંપરા કહે છે. વિવેચકે એ જ કરવાનું છે, એમ કહી વિવેચને વિષકન્યા નહીં પણ સંજીવની ટીકા બનવાનું છે એ વાત પર ભાર મૂક્યો હતો. આ બેઠકનું સંયોજન પારુલ કંદર્પ દેસાઈએ કર્યું હતું અને આભારદર્શન ઇતુભાઈ કુરકુટિયાએ કર્યું હતું.

પ્રથમ બેઠકમાં શ્રી રાજેન્દ્ર મહેતાએ 'સુધારકયુગનો વિવેચનવિચાર' વિશેના વક્તવ્યમાં નર્મદ, દલપતરામ, નવલરામ, ઇચ્છારામ, સૂર્યરામ દેસાઈ વગેરે વિવેચકોની વિશેષતા અને ક્ષતિઓની ચર્ચા કરી હતી. શ્રી અભય દોશીએ નરસિંહરાવ દિવેટિયાના વિવેચનમાં તેમની લાક્ષણિકતા ચીંધી આપી હતી. શ્રી રમણ સોનીએ બ. ક. ઠાકોરના વિવેચનની વાત અનેક મુદ્દાઓ લઈને તેમના ઐતિહાસિક પ્રદાનને વિશ્વસાહિત્યના પરિપ્રેક્ષ્યમાં મૂકી આપ્યું હતું. આ બેઠકનું સંયોજન શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું.

બીજી બેઠકમાં શ્રી કીર્તિદા શાહે રા. વિ. પાઠકની વિવેચનાની પ્રવાહદર્શન, સર્જક-

અભ્યાસ, કૃતિસમીક્ષા, પ્રત્યક્ષવિવેચન એમ અલગ અલગ પ્રકારોમાં વહેંચીને ચર્ચા કરી હતી. શ્રી મણિલાલ હ. પટેલે સુન્દરમ્‌ની વિવેચના વિશે વાત કરતાં કહ્યું હતું કે નર્મદ-દલપતથી શરૂ કરી અર્વાચીન કવિતાના કવિઓની કૃતિઓને ઝીણવટથી વાંચી, અનેક શેરોમાં ગોઠવી સહૃદય પ્રતિભાવથી જોઈએ તો તત્ત્વયુક્ત અને તલગામી ઇતિહાસ આપ્યો છે. તેમજ 'અવલોકના'માંના પૂર્વાધમાં પદ્યનાં અવલોકનો અને ઉત્તરાર્ધમાં ગદ્યનાં અવલોકનો આપે છે. અને આ સંવેદન પાછળ એમની સૌન્દર્યદષ્ટિ અને સર્જક વ્યક્તિત્વની ચર્ચા કરી હતી. શ્રી જગદીશ ગૂર્જરે ઉમાશંકર જોશીના વિવેચનની વિશદ ચર્ચા કરી હતી. જેમાં વિવિધ વિવેચનસંગ્રહોમાંથી સૌન્દર્યદષ્ટિ, સમભાવ અને બુદ્ધિમતાથી નિયંત્રિત ઉમાશંકરનાં વિવેચનની વિશિષ્ટતા ચીંધી આપી હતી. આ બેઠકનું સંયોજન ઇતુભાઈ કુરકુટિયાએ કર્યું હતું.

ત્રીજી બેઠકમાં શ્રી હર્ષવદન ત્રિવેદીનો 'હરિવલ્લભ ભાયાણીની વિવેચના' વિશેનો લેખ શ્રી હેમંત દવેએ વાંચ્યો હતો. જેમાં ભારતીય સાહિત્ય-વિચાર અને આધુનિક પાશ્ચાત્ય સાહિત્યવિચારની તુલનાની દષ્ટિએ સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સર્વોપરિતા વિવેચકે કેવી રીતે ઉપસાવી આપી તેની વિશદ ચર્ચા હતી. શ્રી અજય રાવલે જયંત કોઠારીની વિવેચના વિશે વક્તવ્ય આપતાં તેમની વિવેચનાનું મહત્ત્વ અને મૂલ્યાંકન કર્યું હતું. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ શિરીષ પંચાલની વિવેચના વિશેના વક્તવ્યમાં કહ્યું હતું કે વિવેચનનું વિવેચન એ શિરીષ પંચાલના રસ અને અભ્યાસનું કેન્દ્ર છે અને પૂર્વસૂરિઓની વિચારણાઓને સંમાર્જતા જઈ તેઓ તલાવગાહી વિવેચન કરે છે એમ નોંધી 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' અને 'વાત આપણા વિવેચનની' ગ્રંથની ઉદાહરણસહિત ચર્ચા કરી હતી. આ બેઠકનું સંયોજન શ્રી નલિની દેસાઈએ કર્યું હતું.

ચોથી બેઠક તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થઈ હતી. શ્રી ભરત મહેતાએ પ્રમોદકુમાર પટેલની વિવેચના વિશે સાવ જ જુદી રીતે વાત કરી હતી. પ્રમોદકુમાર પટેલ પ્રતિભા હોવા છતાં ચીલો ચાતરી શક્યા નહીં એવો મત પણ તેમણે પ્રગટ કર્યો હતો. શ્રી અનિરુદ્ધસિંહ ગોહિલે ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચનની વિગતે વિશદ ચર્ચા કરી હતી. શ્રી જિતેન્દ્ર મેકવાને સુમન શાહની વિવેચના વિશે વાત કરતાં તેમની વિવેચનયાત્રાનું વિહંગાવલોકન કરી વિવેચક તરીકેની તેમની લાક્ષણિકતા ઉપસાવી આપી હતી. આ બેઠકનું સંયોજન ઇતુભાઈ કુરકુટિયાએ કર્યું હતું.

પાંચમી બેઠકમાં શ્રી જયેશ ભોગાયતાએ સુરેશ જોષીની વિવેચના વિશેના વક્તવ્યમાં આકારવાદની ઘટનાવિભાવની ચર્ચા કરતાં સુરેશ જોષીના વિવેચનવિચારને સ્પષ્ટતાથી મૂકી આપ્યો હતો. શ્રી મહેન્દ્રસિંહ પરમાર આવી શક્યા ન હતા તેથી સિતાંશુ યશશ્ચંદ્રની વિવેચના વિશે વાત ન થઈ શકી. આ બેઠકનું સંયોજન ભરત સાધુએ કર્યું હતું.

છઠ્ઠી બેઠકમાં લગભગ પંદર શોધપત્રોનાં વાચન અધ્યાપકો દ્વારા થયાં. તેમાં

તેમની અભ્યાસનિષ્ઠા અને મહેનત દેખાઈ આવતી હતી. અધ્યક્ષસ્થાનેથી જયેશ ભોગાયતાએ અભ્યાસી અધ્યાપકોની આ એક નવી પેઢી તૈયાર થઈ છે એમ કહી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. હિંમત ભાલોડિયાએ અને ઇન્દુ જોશીએ સેમિનાર વિશેના પ્રતિભાવો આપ્યા હતા. આ બેઠકનું સંયોજન પિંકી પંડ્યાએ કર્યું હતું.

અંતે પારુલ કંદર્પ દેસાઈએ આભારદર્શન કરતાં ગુજરાત સાહિત્ય અકાદમીના આયોજકો તેમજ અન્ય સૌ સહયોગીઓ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કર્યો હતો, તેમજ આ પરિસંવાદ સફળ રીતે પૂર્ણ થયો તેનો સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર પરિસંવાદ એક અનોખો પરિસંવાદ બની રહ્યો હતો. અનોખો એ માટે કે અહીં ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકારોનાં વિવેચન વિશે અભ્યાસી અને નીવડેલા અધ્યાપક-વિવેચકો ગુજરાતી વિવેચનના પ્રારંભથી શિરીષ પંચાલ સુધીના વિવેચનની આ બે દિવસ સરસ રીતે ચર્ચા કરવામાં આવી હતી. વળી, વિદ્યાર્થીઓની હાજરી પણ ધ્યાન ખેંચે તેવી હતી. પરિસંવાદમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકમિત્રોના ચહેરા પર આ પરિસંવાદમાં સહભાગી બનીને ઘણું બધું મેળવ્યાનો સંતોષનો ભાવ દેખાતો હતો.

**– ઇતુભાઈ કુરકુટિયા**

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા આયોજિત ‘સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી-૨’નું પ્રથમ વ્યાખ્યાન તા. ૧-૩-૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાઈ ગયું. વક્તા શ્રી ડૉ. યોગેન્દ્ર વ્યાસે ‘સોસ્યૂર અને સાહિત્યવિચારણા’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું જેમાં વ્યવહારની ભાષા અને સાહિત્યિક ભાષાનું કાર્ય, અવગમન અને સંક્રમણની વિગતે ઉદાહરણસહિત ચર્ચા કરી હતી. જેમાં સોસ્યૂરના આ વિચારને ભરતના રસવિચાર સાથે જોડી આપ્યો હતો. તથા મધ્યકાલીન કૃતિઓને ઉદાહરણો આપીને સોસ્યૂરના ભાષાવિષયક વિચારોની ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં સર્વશ્રી અરવિંદ ભાંડારી, કીર્તિદા શાહ, પિંકી પંડ્યા વગેરે સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. વક્તાશ્રીનો પરિચય ક. લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામકશ્રી પારુલબહેન દેસાઈએ આપ્યો હતો.

**ભરત સાધુ**

## શ્રી રા. વિ. પાઠક સભાપર્વ તથા સભાગૃહના સંવર્ધકોનું અભિવાદન

તા. ૭-૮-૯ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આદરણીય શ્રી મોરારિબાપુના સાંનિધ્યમાં શ્રી રા. વિ. પાઠક સભાપર્વ ત્રિદિવસીય કાર્યક્રમનો આરંભ થયો તથા સભાગૃહના સંવર્ધકોનાં અભિવાદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનબેઠકના પ્રારંભે શ્રી હરિકૃષ્ણ પાઠકે ‘પરથમ પરણામ મારા’ પ્રાર્થનાનું પઠન

કર્યું હતું. ઉપસ્થિત સૌનું સ્વાગત શ્રી અનિલા દલાલે કર્યું હતું. પ્રાસંગિક વક્તવ્ય શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે આપ્યું હતું. ત્યારબાદ શ્રી રા. વિ. પાઠક સભાગૃહનાં સંવર્ધન માટે આપેલ આર્થિક યોગદાન કરનાર સંવર્ધકો સર્વશ્રી પ્રવીણભાઈ ઠક્કર, ઉત્કર્ષ પટેલ, વિમલભાઈ પોદ્દાર, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ મોદી, ઉમંગ ઠક્કર, અંજન રાજા, મનુભાઈ શાહ, હરેશ મહેતા, જયેશ મોદીનું પ્રથમ દિવસે શાલ, સ્મૃતિચિહ્ન તથા પ્રમાણપત્ર દ્વારા પૂજ્ય મોરારિબાપુ, શ્રી ગુણવંત શાહ, શ્રી ભોળાભાઈ પટેલ તથા શ્રી રઘુવીર ચૌધરી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં 'ફાધર કામિલ બુલ્કે જન્મશતાબ્દી સંદર્ભે સાહિત્યમાં રામકથા' સંદર્ભે શ્રી ગુણવંત શાહે 'રામનું મનુષ્યત્વ' વિષય સંદર્ભે રામાયણના કેટલાક પ્રસંગો સાથે જોડીને રામના મનુષ્યત્વ વિશે પોતાના આગવા વિચારો રજૂ કર્યા હતા. તો શ્રી ભોળાભાઈ પટેલે 'રામાયણ-પરંપરા' વિષય સંદર્ભે રામાયણ અને ભારતીય પરંપરા અને સાહિત્યના સંદર્ભે ચર્ચા કરી હતી. શ્રી રઘુવીર ચૌધરીએ 'છાયાસીતા' વિશે રામાયણના પ્રસંગોને આધારે સીતાના આદર્શ નારીપાત્રની ચર્ચા કરી હતી. અધ્યક્ષીય સમાપન-વ્યાખ્યાનમાં પૂજ્ય મોરારિબાપુએ રામાયણમાં આવતા રામ-સીતા વિવાહના પ્રસંગને આધારે 'દશરથ' અને 'દશપિતા'ને આધારે મનુષ્યજીવનના દશપિતા સમાન વ્યક્તિઓના ઋણાનુબંધ વિશે પોતાની આગવી શૈલીમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. સંચાલન રાજેન્દ્ર પટેલે કર્યું હતું. સભાપર્વના બીજા દિવસે 'સાહિત્યસ્વરૂપોની અન્ય માધ્યમની સંગતમાં રજૂઆત' સંદર્ભે 'કાવ્યપઠન'માં શ્રી હર્ષદ ત્રિવેદી (હવે મળશું તો સાંજના સુમારે...), શ્રી દલપત પઢિયાર (અમને કોની રે સગાયું આજ...), શ્રી હરિકૃષ્ણ પાઠક (જળમાં લખવાં નામ...), શ્રી ચંદ્રકાન્ત શેઠ (ઊંડું જોયું, અઢળક જોયું...) કવિઓએ પોતાની રચનાઓનું પઠન કર્યું હતું. આ રચનાઓનું શ્રી અમર ભટ્ટ દ્વારા ગાન થયું હતું. ત્યારબાદ ધ્રુવ ભટ્ટકૃત 'અકૂપાર'નું નાટ્યપઠન સર્વશ્રી અદિતિ દેસાઈ, તુષાર શુક્લ, સંજય ચૌધરી તથા તેમનાં અન્ય સાથી કલાકારોએ કર્યું હતું અને શ્રી પન્નાલાલ પટેલકૃત 'સાચાં શમણાં'નું નાટ્યાત્મક પઠન શ્રી પરેશ નાયક તથા અન્ય પ્રસિદ્ધ કલાકારો દ્વારા થયું હતું. સંચાલન રાજેન્દ્ર પટેલે કર્યું હતું. ત્રીજા દિવસે 'સામયિકસંવાદ : નવલેખનવિમર્શ' અંતર્ગત બેઠકનો પ્રારંભ શ્રી પર્વ તપોધનના સિતારવાદનથી થયો હતો. સામયિકસંવાદ સંદર્ભે શ્રી ધીરુ પરીખ (કુમાર), શ્રી દીપક દોશી (નવનીત સમર્પણ), શ્રી પ્રબોધ જોશી (ઉદ્દેશ), શ્રી યોગેશ જોષી (પરબ) અને શ્રી હર્ષદ ત્રિવેદી (શબ્દસૃષ્ટિ) સામયિકોના તંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સામયિકની કામગીરીની, તેની વિકાસયાત્રાની ઐતિહાસિક તથા સાંપ્રત સ્થિતિ અંગેની માહિતી ઉપસ્થિત ભાવકોને સુપેરે મળી હતી. જે-તે સામયિકના તંત્રીએ જે-તે સામયિકના સંપાદન અંગે પોતાની કેફિયત પણ રજૂ કરી હતી. ઉપસ્થિત ભાવકો દ્વારા થયેલી પ્રશ્નોત્તરીથી ચર્ચા વિશેષ રસપ્રદ બની રહી હતી. નવલેખનવિમર્શ સંદર્ભે શ્રી અનિલ ચાવડા તથા પિયૂષ ઠક્કરે પોતાની કવિતાનું પઠન કર્યું હતું. તો શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ

અને શ્રી છાયા ત્રિવેદીએ વાર્તાપઠન કર્યું હતું. શ્રી નિસર્ગ આહીરે વિવેચન-સંશોધન વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ સભાપર્વના ત્રણેય દિવસે સાહિત્યકારો, સાહિત્યરસિકો અનેય ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવા વાતાનુકૂલિત રા. વિ. પાઠક હૉલની સુંદર સજાવટ તથા સાઉન્ડ, લાઇટ, આરામદાયક બેઠકોનાં ભરપૂર વખાણ થયાં.

– ભરત સાધુ

## 'વિશ્વ માતૃભાષા દિન પર્વ' – ગુજરાતીઓનો નવો તહેવાર

યુનેસ્કો દ્વારા તા. ૨૧ ફેબ્રુઆરીને 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આ દિનની ખૂબ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી.

૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨ મંગળવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, શાહપુર શાળા નં. ૭, શ્રી સાબરમતી કન્યાવિદ્યાલય, સરસ્વતી વિદ્યાલય, શાળાશિક્ષણ અભિયાન, ક્ષિતિ પબ્લિકેશન તથા અન્ય સંસ્થાઓના સહયોગથી 'પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. માતૃભાષાના પ્રખર હિમાયતી રાષ્ટ્રપિતા ગાંધીબાપુ દ્વારા સ્થપાયેલી વિદ્યાસંસ્થા ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં વિદ્વદ્‌જનો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી સુદર્શન આયંગર, માતૃભાષા-સંવર્ધન કેન્દ્રના ઉપાધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી નરોત્તમ પલાણ વગેરેએ બપોરે ૩.૧૫ કલાકે પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રી રઘુવીર ચૌધરી, શ્રી યોગેન્દ્ર વ્યાસ, શ્રી પુરુષોત્તમ પટેલ, શ્રી અરવિંદ ભાંડારી, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી પારુલ દેસાઈ, શ્રી ઉષા ઉપાધ્યાય આદિ વિદ્વાનોએ પદયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. શાળાનાં ભૂલકાંઓથી માંડીને પીએચ.ડી. સુધીના વિદ્યાર્થીઓએ માતૃભાષા અંગેના વિવિધ સૂત્રોચ્ચારો કરીને વાતાવરણને ગજવી મૂક્યું હતું.

પદયાત્રા આનંદભેર ગુજરાતી સાહિત્ય પરિષદ પહોંચી ત્યારબાદ પદયાત્રીઓ શ્રી રા. વિ. પાઠક હૉલ, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે શ્રી ભોળાભાઈની અધ્યક્ષતામાં આયોજિત 'માતૃભાષા-સભા'માં ગોઠવાયા.

સભાના પ્રારંભમાં માતૃભાષા સંવર્ધન કેન્દ્રના શૈક્ષણિક મંત્રી શ્રી અરવિંદ ભાંડારીએ કેન્દ્રની ભૂમિકા સ્પષ્ટ કરી આપી. ત્યાર બાદ જાણીતા કેળવણીકાર શ્રી પુરુષોત્તમ પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં ૨૧મી ફેબ્રુઆરીના મતૃભાષા શહીદ દિનની માહિતી આપી. માતૃભાષાસંવર્ધન અંગે શાળાઅભિયાનની પ્રવૃત્તિ વિશે વાત કરી. તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કેળવણીકાર શ્રી રવીન્દ્ર દવેએ 'વિશ્વ માતૃભાષા દિન'ને ગુજરાતીઓના નવા તહેવાર પર્વ તરીકે ઓળખાવ્યો હતો. તેમણે સભાજનોને સૂચવ્યું કે માતૃભાષા-સંવર્ધન એ કોઈ એક સંસ્થાનું કાર્ય નથી. માતૃભાષાની અસ્મિતા, તેનું

ગૌરવ-જાગૃતિ દરેક ગુજરાતીમાં કેળવાવાં જોઈએ. અને તેથી આ અભિયાન પણ માત્ર ગુજરાત પૂરતું મર્યાદિત ન રાખતાં ગુજરાત બહાર તથા વિદેશમાં વસતા ગુજરાતીઓ સુધી વિસ્તરવું જોઈએ. તેમણે ડાયસ્પૉરિક સાહિત્યને પણ આ અભિયાન સાથે સાંકળવાનું સૂચન કર્યું હતું. તેમણે સાહિત્યકારો, પત્રકારો અને કેળવણીકારોના આગવા દાયિત્વની વાત કરીને 'ઝીરો એરર પબ્લિકેશન'ના આગ્રહની વાત કરી હતી.

આપણા જાણીતા વિચારકશ્રી ગુણવંત શાહે તેમની રસાળ શૈલીમાં ભાષા-શિક્ષણ અને શિક્ષણના માધ્યમ વચ્ચેના ભેદની વાત કરી હતી. તેમણે બંગાળી મૌલાના દ્વારા પ્રયોજાયેલી બંગાળી ભાષામાં આવતા સંસ્કૃતપ્રચુર શબ્દોના ઉદાહરણ દ્વારા જણાવ્યું કે માતૃભાષાનું શિક્ષણ સંકુચિતતા તરફ નથી લઈ જતું. તેમણે સભાજનો સમક્ષ પોતાની પીડા ઠાલવતાં કહ્યું કે અંગ્રેજી માધ્યમમાં ભણતો આજનો ગુજરાતી વિદ્યાર્થી ગુજરાતી કે અંગ્રેજી – બેમાંથી એક પણ ભાષાનો થઈ શક્યો નથી. 'બાવાના બેય ન બગડે' તે માટેની તેમણે ચિંતા વ્યક્ત કરી.

માતૃભાષા-સંવર્ધન કેન્દ્રના ઉપાધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈએ ખૂબ ટૂંકો સમય લઈને આ સળગતા પ્રશ્નના પાયામાં રહેલી 'વાલીઓની જાગૃતિ' તરફ સભાજનોનું ધ્યાન દોર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલે કટાક્ષ કરતાં કહ્યું હતું કે ''આપણે ત્યાં 'ચોપડી'ની નહીં, 'ચોપડા'ની ઉપાસના થાય છે.'' તેમણે માતૃભાષા-સંવર્ધન સંદર્ભે 'ચોપડીની ઉપાસના'ના શ્રેષ્ઠ માર્ગની વાત કરી હતી.

ત્યારબાદ માતૃભાષા-સંવર્ધન કેન્દ્રની પુસ્તિકા 'ભાષાપ્રબોધ' (સંપા. પિંકી યજ્ઞેશ પંડ્યા)નું મંચસ્થ વિદ્વદ્‌જનોએ વિમોચન કર્યું હતું. માતૃભાષા-સંવર્ધન કેન્દ્રના વહીવટી મંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે 'ભાષાપ્રબોધ'નો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે શ્રી હરદ્વાર ગોસ્વામીએ માતૃભાષા અંગેની ગઝલનું પઠન કર્યું હતું. ત્યાર બાદ શ્રી નરેન્દ્ર શાસ્ત્રી અને તેમના સાથી દ્વારા રજૂ થયેલાં ગુજરાતી ગીતોના સંગીતમાં શ્રોતાઓ ઝૂમી ઊઠ્યા હતા.

સાંજે ૬.૧૫ કલાકે અમદાવાદના મેયરશ્રી અસિત વોરાના હસ્તે આશ્રમ રોડથી પરિષદ તરફ આવતા નદીકિનારા સુધીના માર્ગને 'ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ'-નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રઘુવીર ચૌધરી આદિ સૌ વિદ્વાનોએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ભોળાભાઈ પટેલ, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી યોગેન્દ્ર વ્યાસ, શ્રી પ્રફુલ્લ રાવલ વગેરે વિદ્વાનો, સાહિત્યકારો, સાહિત્યરસિકો, વિવિધ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

'વિશ્વ માતૃભાષા દિન' પર્વ – સૌના માટે અનેરો ઉત્સવ બની રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માતૃભાષા-સંવર્ધન કેન્દ્રના સહસંયોજક શ્રી પિંકી યજ્ઞેશ પંડ્યાએ કર્યું હતું.

**– ભરત સાધુ**

## પન્નાલાલ પટેલની જન્મશતાબ્દી

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર પન્નાલાલ પટેલના જન્મ-શતાબ્દી વર્ષને અનુલક્ષીને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમીના અને ગ્રામભારતી અમરાપુરના સંયુક્ત ઉપક્રમે તા. ૨-૩ માર્ચ ૨૦૧૨ના રોજ શ્રી ભોળાભાઈ પટેલની અધ્યક્ષતામાં 'પન્નાલાલ પટેલ : વ્યક્તિ અને વાર્તાકાર' વિશેનો બે દિવસનો પરિસંવાદ ગ્રામભારતી, અમરાપુરમાં યોજાયો હતો. ઉદ્‌ઘાટન-બેઠકમાં સર્વશ્રી રાજેન્દ્ર પટેલે 'સ્વાગત-વક્તવ્ય', નીતિન વડગામાએ 'ભૂમિકા-વક્તવ્ય', મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ 'પ્રાસંગિક વક્તવ્ય', રઘુવીર ચૌધરીએ 'બીજરૂપ વક્તવ્ય' અને ભોળાભાઈ પટેલે 'અધ્યક્ષીય વક્તવ્ય' આપ્યું હતું. તથા સર્વશ્રી દૃષ્ટિ પટેલે 'પન્નાલાલ : વ્યક્તિવિશેષ', મણિલાલ હ. પટેલે 'ધરતી આભનાં છેટાં', પ્રફુલ્લ રાવલે 'દાણીનું ઘડિયાળ', કાનજી પટેલે 'બલા', અજયસિંહ ચૌહાણે 'સાચાં સમણાં', મોહન પરમારે 'વળગી રહેલાં', બિન્દુ ભટ્ટે 'ઓરતાં', મનોહર ત્રિવેદીએ 'કાશીમાની કૂતરી', પારુલ કંદર્પ દેસાઈએ 'સાચી ગજિયાણીનું કાપડું', નવનીત જાનીએ 'નૅશનલ સેવિંગ' અને યોગેશ જોષીએ 'કંકુ' વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## કવિ શ્રી પ્રહ્‌લાદ પારેખની જન્મશતાબ્દી

ગુજરાતી ભાષાના જાણીતા કવિશ્રી પ્રહ્‌લાદ પારેખના જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષીને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી અને લોકભારતી સણોસરાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩-૩-૨૦૧૨ના રોજ શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં 'પ્રહ્‌લાદ પારેખની કવિતા' વિશેનો એક પરિસંવાદ લોકભારતી, સણોસરામાં યોજાયો હતો. જેમાં સર્વશ્રી વિનોદ જોશીએ 'બીજરૂપ વક્તવ્ય', ચંદ્રકાન્ત શેઠે 'પ્રહ્‌લાદ પારેખની કવિતામાં છંદોલય', હરિકૃષ્ણ પાઠકે 'પ્રહ્‌લાદ પારેખની કવિતાનું ભાષાકર્મ', મનોહર ત્રિવેદીએ 'પ્રહ્‌લાદ પારેખનાં ગીતો' અને નીતિન વડગામાએ 'ભૂમિકારૂપ વક્તવ્ય' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. સંગીતવૃંદ, લોકભારતી સણોસરા દ્વારા 'સાંગીતિક પ્રસ્તુતિ' કરવામાં આવી હતી. સમગ્ર પરિસંવાદનું સંચાલન નીતિન ભીંગરાડિયાએ કર્યું હતું.

## અનુવાદ-અભિમુખતા

તા. ૧૪-૨-૧૨ની બેઠકમાં શ્રી રૂપા શેઠે ભવભૂતિકૃત 'ઉત્તરરામચરિત'ના બે અનુવાદનું તુલનાત્મક પઠન કર્યું હતું. બંનેનો સમશ્લોકી અનુવાદ છતાં મણિભાઈ નભુભાઈ દ્વિવેદીનો અનુવાદ બોલચાલની ભાષા તથા વિવિધ છંદોનો ઉપયોગ કરી થયેલો છે. જ્યારે ઉમાશંકર જોષીનો સંસ્કૃતમય તથા કાવ્યાત્મક છે. આ બંને અનુવાદ વચ્ચે લગભગ ૫૦ વર્ષનો ગાળો છે. તેથી ગુજરાતી ભાષાના વિકાસનો ઇતિહાસ પણ દૃષ્ટિગોચર થાય છે. પઠનનો આસ્વાદ માણવાની મઝા આવી.

તા. ૧૩-૩-૧૨ની બેઠકમાં શ્રી સ્વાતિ મ્હેઢનું વક્તવ્ય ઘણું રસપ્રદ રહ્યું. તેમણે ''સાહિત્યેતર અનુવાદકાર્યના અનુભવો''ની શરૂઆત 'translation is a communication and medium is the message' વાક્ય ટાંકી કરી અને પોતે આ કામ કરતાં કરતાં કેવી રીતે ખૂંપતા ગયા અને પોતાની સંવેદનાને પણ સંકોરતા ગયા તેની ઉદાહરણસહિત વાત કરી. Managlment અને NGOનું અઘરું અને ક્લિષ્ટ અંગ્રેજીને સરળ, ગુજરાતીમાં ઉતારતાં કેવા પ્રશ્નો ઉદ્ભવે છે તે હસાવતાં હસાવતાં વિસ્તારથી સમજાવ્યું. શ્રોતાઓએ ખુશ થઈ તેમનું વક્તવ્ય માણ્યું.

## એની સરૈયા લેખિકા નિધિ

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત છેલ્લા એક વર્ષ ઉપરાંતથી નિયમિત રીતે લેખિકાઓની સાહિત્યગોષ્ઠિ યોજવામાં આવે છે. તાજેતરમાં ૮ માર્ચ – આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે તા. ૧૨-૩-૨૦૧૨ના રોજ નારીસંવેદનાલક્ષી કાવ્યકૃતિ પઠન – આસ્વાદનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જાણીતાં કર્મશીલ અને નાટ્યકર્મી શ્રી અદિતિ દેસાઈએ કવિ શ્રી યજ્ઞેશ દવેના સંવાદકાવ્ય 'આદિમાતા'નું ભાવવાહી નાટ્યાત્મક પઠન કરી, કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો.

આ બેઠકમાં ઊર્મિ પંડિત – વર્કિંગ વુમન, સંગીતા વાઘેલા – નારીનું પુનરાવર્તન, નિરંજના ત્રિવેદી – નારીભાવના, જિજ્ઞા ત્રિવેદી – સ્ત્રી, ઉર્વશી શાહ – ત્રણ વિકલ્પ, નયના મહેતા – પછી નીના નગમા કે હોપ નેન્સી, પ્રજ્ઞા પટેલ – નારીસંવેદના, પારુલ દેસાઈએ મનમાં ઘૂંટાતા કાવ્યની વાત – પઠન રજૂ કર્યાં હતાં. દરેક કાવ્યપઠન પછી આસ્વાદ-ચર્ચા કરાયાં હતાં.

**પ્રજ્ઞા પટેલ**

## ગ્રંથ સાથે ગોઠડી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'ગ્રંથ સાથે ગોઠડી' કાર્યક્રમમાં તા. ૨-૩-૨૦૧૨ના રોજ શ્રી સ્વાતિબહેન મેઢે ચાર્લી ચેપ્લીનની આત્મકથા 'મારી આત્મકથા'નો આસ્વાદ કરાવ્યો હતો. હરીશ ખત્રીએ વક્તાશ્રી સ્વાતિબહેન મેઢનો પરિચય આપ્યો હતો. સ્વાતિબહેન મેઢે ચાર્લી ચેપ્લીનનાં જીવન અને કવનનાં મર્મસ્થાનોને વક્તવ્યમાં વણી લીધાં હતાં. ઉપસ્થિત ભાવકોએ ચાર્લી ચેપ્લીનની આત્મકથાનો રસપૂર્વક આસ્વાદ માણ્યો હતો. અંતમાં ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો હૃદયથી આભાર માન્યો હતો.

તા. ૩-૨-૨૦૧૨ના રોજ 'ગ્રંથ સાથે ગોઠડી' કાર્યક્રમમાં નાટ્યવિદ શ્રી જનક દવેએ કવિ ભાસકૃત એકાંકી 'કર્ણભારમ્'નું પઠન અને અભિનય સાથે રસપ્રદ આસ્વાદ

કરાવ્યો હતો. હરીશ ખત્રીએ વક્તા શ્રી જનક દવેનો પરિચય કરાવ્યો હતો. ઉપસ્થિત ભાવકોએ એકાંકીનો આસ્વાદ માણ્યો હતો. ઇતુભાઈ કુરકુટિયાએ અંતમાં આભાર વ્યક્ત કર્યો હતો.

**ઇતુભાઈ કુરકુટિયા**

## જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમો

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે જૂનાગઢ મધ્યસ્થ જેલમાં બંદીવાન ભાઈઓને માટે સંતવાણી પ્રસ્તુતીકરણના કાર્યક્રમનું આયોજન તા. ૨૬-૨-૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું હતું. સંયોજક ડૉ. રવજી રાઠોડે સંતોની વાણી અને સંતોના શબ્દનો મહિમા સમજાવ્યો હતો. ડૉ. ભીમજી ખાચરિયા અને ડૉ. રમેશ મહેતાએ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં હતાં. ત્યારબાદ સંતવાણીના જાણીતા ગાયક વાના જેતા અને નારણ ઠાકરે મન મૂકીને ભજનો ગાયાં હતાં. તેમની સાથે નિશાંત ઉધાસ અને નરોત્તમ વાઘેલાએ સાજની સંગત આપી હતી. આ કાર્યક્રમમાં ૪૦૦ બંદીવાન ભાઈઓ અને જેલનો સમગ્ર સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયો હતો. અંતમાં જૂનાગઢ જેલના જેલર મલેકસાહેબે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રતિનિધિઓ તથા કલાકારોનો આભાર માન્યો હતો. તા. ૧૭-૦૩-૨૦૧૨ના રોજ ભાવનગર જિલ્લા જેલમાં જેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી શેખસાહેબની અધ્યક્ષતામાં પાંચ મુસ્લિમ ગઝલકારોનો મુશાયરો યોજવામાં આવ્યો હતો જેમાં સર્વશ્રી સપન કુરૈશી, ઇસ્માઈલ કુરૈશી, મન્સુર કુરેશી, નાઝીર સાવંત, મીરા આસીફ અને ગઝલ/હઝલની રસપ્રદ પ્રસ્તુતિ કરી હતી. શ્રી અજય પાઠકે મુશાયરાનું તથા શ્રી કાજીભાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સમાજના વિવિધ સ્તરોના લોકો સુધી સાહિત્યને પહોંચાડવા તેમજ ભાષા અને સંસ્કૃતિ વિશે લોકોને જાગ્રત કરવાના અભિયાનના ભાગ રૂપે તા. ૧૭-૩-૨૦૧૨ના રોજ અમદાવાદની સાબરમતી જેલમાં હાસ્યલેખક નારન બારૈયાએ ‘ગુજરાતી સાહિત્યમાં હાસ્ય અને કટાક્ષ-લેખનની પરંપરા’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. બંદીવાન રસિકોને હાસ્ય સાથે જ્ઞાન-તરબોળ કર્યા હતા.

## પરિષદના આગામી કાર્યક્રમો

**[સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ]**

* પાક્ષિકી : સંયોજક : દીવાન ઠાકોર

  તા. ૧૯-૪-૨૦૧૨, ગુરુવાર, સાંજે ૬.૦૦ કલાકે શ્રી દક્ષાબહેન પટેલ અનૂદિત વાર્તાનું પઠન કરશે.

  તા. ૩-૫-૨૦૧૨, ગુરુવાર, સાંજે ૬.૦૦ કલાકે શ્રી વત્સલ ર. શાહ સ્વરચિત

વાર્તાકૃતિનું પઠન કરશે.

* સર્જક સાથે સંવાદ : સંયોજક ધ્વનિલ પારેખ, ભરત સાધુ

  તા. ૨૧-૪-૨૦૧૧, શનિવાર, સાંજે ૬.૦૦ કલાકે, નવોદિત સર્જકોની કૃતિઓનું પઠન અને ચર્ચા.

* ગ્રંથ સાથે ગોઠડી : હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા

  તા. ૧૩-૪-૨૦૧૨, શુક્રવાર, સાંજે ૬.૦૦ કલાકે, શ્રી લતાબહેન હીરાણી ખાલિદ હુસેનીકૃત 'ધ કાઇટ રર્નર' પુસ્તકનો આસ્વાદ કરાવશે.

  તા. ૪-૫-૨૦૧૨, શુક્રવાર, સાંજે ૬.૦૦ કલાકે, શ્રી રાજુલ આઝાદ થૉમસ ફ્રીડમેન અને માઇકલ મેન્ડેલબૉમ્ કૃત 'ધેટ યુઝ્ડ ટુ બી અસ' પુસ્તકનો આસ્વાદ કરાવશે.

* વિશ્વકવિતા કેન્દ્ર

  તા. ૪-૧૧/૧૮-૪-૨૦૧૨, બુધવાર, સાંજે ૭.૦૦ કલાકે બુધસભા

  તા. ૨૬-૪-૨૦૧૨, બુધવાર, સાંજે ૭.૦૦ કલાકે વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત વ્યાખ્યાન.

* રવીન્દ્રનાથ ટાગોરની એકસો પચાસમી જન્મજયંતી નિમિત્તે રવીન્દ્રનાથ ટાગોર વિશે ગુજરાતી સાહિત્ય પરિષદ અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર – ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે તા. ૧ મે થી ૭ મે, ૨૦૧૨ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ છે. જેમાં તા. ૨-૩ મેએ રવીન્દ્રનાથ ટાગોર વિશે રાષ્ટ્રીય પરિસંવાદ, તા. ૫ મે, ૨૦૧૨ના રોજ 'અચલાયતન' નાટકની પ્રસ્તુતિ, તા. ૬ઠ્ઠી મેએ રવીન્દ્ર સંગીત અને ફિલ્મની પ્રસ્તુતિ, તા. ૭મી મેએ રવીન્દ્રનાથ ટાગોર વિશેનાં બે પુસ્તકોનું વિમોચન થશે.

## નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો / લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપકોપી મોકલવી. હસ્તપ્રત તા. **૩૦-૬-૨૦૧૨** સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું – **પ્રકાશનમંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯**

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

૨૦૧૦ અને ૨૦૧૧નાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને **૩૦-૫-૨૦૧૨** સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**૧. શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક :** ૨૦૧૦ અને ૨૦૧૧ના બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨. શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩. શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૪. શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારનાં સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૫. શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૬. શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં શિક્ષણ વિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૭. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિષેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૮. શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક :** ૨૦૧૦ અને ૨૦૧૧નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૯. શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૦. શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ

દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૧. શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૨. શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૩. શ્રી નટવરલાલ માળવી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૫. શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૬. શ્રી મહેન્દ્ર ભગત (દીર્ઘનાટક) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા દીર્ઘનાટકોને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૭. શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૮. શ્રી સદ્‌વિચાર પરિવાર પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૧૯. શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૦. શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૧. શ્રી રમણલાલ સોની (બાળ-કિશોર સાહિત્ય) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૨. શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં કવયિત્રી રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૩. ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક-એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૪ ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૫. ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૬. શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૭. શ્રી દોલત ભટ્ટ પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૮. શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૨૯. શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. **કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૧. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન

પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૨. શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૩. શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૪. સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક :** ૨૦૧૦-૨૦૧૧નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૫. ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક :** આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.

**૩૬. ગુજરાત દર્પણ પારિતોષિક :** (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૦૮-'૦૯-'૧૦નાં ત્રણ વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલા કાવ્યસંગ્રહના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**૩૭. ધનરાજ કોઠારી પારિતોષિક : ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.**

**૩૮. શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત : ૨૦૧૧-૨૦૧૨ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક**

**૩૯. ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક : ૨૦૧૧-૨૦૧૨ ('પરબ' પ્રકાશિત) બે શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક**

**૪૦. શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન : ૨૦૧૧-૨૦૧૨ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક**

**૪૧. શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન : ૨૦૧૧-૨૦૧૨ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક**

**નોંધ :** 'પરબ' પારિતોષિકો વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન 'પરબ'માં પ્રકાશિત થયેલ શ્રેષ્ઠ કાવ્ય, લેખ, નિબંધ અને નવલિકાને પ્રતિવર્ષ એક એક પારિતોષિક આપવામાં આવે છે.

**પ્રફુલ્લ રાવલ**
પ્રકાશનમંત્રી

# સાહિત્યવૃત્ત

સંકલન : ભરત સાધુ

### ડૉ. દર્શના ધોળકિયાને દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

શ્રી દામોદર માઉઝોની કોંકણી નવલકથા 'કાર્મેલીન'ના ગુજરાતી અનુવાદ માટે ૨૦૧૧નો સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર ડૉ. દર્શના ધોળકિયાને જાહેર થયો છે. દર્શનાબહેનને અભિનંદન.

### વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્રના ઉપક્રમે તા. ૧૩-૨-૨૦૧૨ના રોજ કૃષ્ણ-શ્રીનાથજી રૂપે – નાથદ્વારાની ચિત્રકલા વિશે દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રી અમિત અંબાલાલે શ્રીનાથજીનાં ચિત્રોની ઉદાહરણ સાથે સમજૂતી આપી હતી. ડૉ. કુમારપાળ દેસાઈએ વિશ્વકોશ લલિતકલા કેન્દ્રની પ્રવૃત્તિ વિશે વાત કરી. શ્રી હિનાબહેન શુક્લે શ્રી અમિત અંબાલાલનો પરિચય આપ્યો અને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે વિશ્વકોશ કલાવિથિકામાં શ્રીનાથજીનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું.

### સાહિત્ય અને સિનેમામાં ઇતિહાસનું નિરૂપણ-વિષયક ત્રિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા (ગૂજરાત વિદ્યાપીઠ) દ્વારા યુ.જી.સી. અને ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી તા. ૨૦થી ૨૨ જાન્યુઆરી ૨૦૧૨ દરમિયાન 'સાહિત્ય અને સિનેમામાં ઇતિહાસનું નિરૂપણ' વિશે ત્રણ દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને તજ્જ્ઞોએ ભાગ લીધો હતો.

### 'ગુજરાત કા હિંદી સંત સાહિત્ય' વિશે પરિસંવાદ

આનર્ત પ્રદેશના ખેરાલુ ઉત્તર વિભાગ કેળવણી મંડળ સંચાલિત ખેરાલુ નાગરિક સહકારી બૅંક લિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના હિંદી વિભાગ અને હિંદી સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૭ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ ખેરાલુ કૉલેજમાં 'ગુજરાત કા હિંદી સંત સાહિત્ય' વિશેનો રાજ્યકક્ષાનો પરિસંવાદ હિંદી સાહિત્યકાર ડૉ. રામકુમાર ગુપ્તની અધ્યક્ષતામાં યોજાયો હતો.

### બાળસાહિત્યક્ષેત્રની ત્રણ ઉત્સાહપ્રેરક ઘટનાઓ

તા. ૨૬ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમિયાન બાળસાહિત્ય ક્ષેત્રની ત્રણ ઉત્સાહપ્રેરક ઘટનાઓ બની છે. તા. ૨૬-૧-૨૦૧૨ના રોજ બાળસાહિત્યકાર,